Seat No........ 	No.ofprinted page–3

[A-43]

SARDAR PATEL UNIVERSITY

T.Y.B.A. Examination (EXTERNAL COURSES)

Friday, 29th April, 2022

03.00 P.M. To 05.00 P.M.

GUJ:309 Gujarati Literature Paper IX

GUJARATI

અપઠિત - લેખન પરિશીલન (અનસીન)

કુલ ગુણ - ૭૦

પ્રશ્ન - ૧. નીચેનામાંથી કોઈપણ બે વિચારવિસ્તાર કરો (૧૭ ગુણ)

૧. ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

૨. જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

૩. ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેર તણી ભસ્મકણી ન લાધશે !

૪. ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ,
ને ગમતાંનો કરીએ ગુલાલ.

પ્રશ્ન - ૨. નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરો (૧૮ ગુણ)

૧. <u>તેં શું કર્યું ?</u>

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું ?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો. એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?
'લાંચરૂશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાસીના,
કાળાં બજારો, મોંઘવારી ના સીમા !' રોષથી સૌ દોષ ગોખ્યા.
આળ પોતાને શિર આવે ન, જો ! તે શું કર્યું ?
આપબળ ખર્ચ્યું પૂરણ ? જો, દેશના ભાગ્યમાં તે શું ભર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હરપળે,સ્વાતંત્ર્યના ગઢ કાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હુંશિયાર ! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદની છે જિંદગી,
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

<u>ઉમાશંકર જોષી</u>



(P.T.O.)

૨. હરિનો મારગ

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મુઠ્ઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુએ તમાશો, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે દેખનહારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રિતમનાં સ્વામીની લીલા, તે રજનીદન નીરખે જોને.

– પ્રિતમદાસ

પ્રશ્ન - ૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો (૧૭ ગુણ)

માનવને વધારે સંસ્કારી, વધારે સુંદર, વધારે શક્તિશાળી બનાવવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળતા માનવને અન્યાય થતો હોય, ત્યાં ધર્મને સાધનરૂપ માની પુનર્યોજના કરવી ઘટે. સઘળા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શિખવાડે, માનવને હલકો ગણતાં શિખવાડે, એ સઘળી વાતો ધર્મની ન હોઈ શકે. મનુષ્ય ધર્મ પાળે છે તે પોતાની જાત ઊંચી ઠરાવવા માટે નહિ, ખરેખર ઊંચી બનાવવા માટે. અને એવી ઉત્કૃષ્ટ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જે ધ્યેયમંત્ર હોઈ શકે તે તો આટલો જ હોય 'હું માનવ છું : માનવધર્મ સમજું અને માનવ માટે જીવું.' કારણ કે, સઘળા ધર્મો મહાન છે, પણ માનવધર્મ એથી વધારે મહાન છે.

અથવા

પ્રશ્ન - ૩ નીચેના ગદ્યખંડનો સાર- સંક્ષેપ લખી. યોગ્ય શીર્ષક આપો.

ખરી કેળવણી તો શાળા છોડ્યા પછી શરૂ થાય છે. જેણે તેની કિંમત જાણી છે તે તો સદાયને સારુ વિદ્યાર્થી છે. પોતાનું કર્તવ્યપાલન કરતાં અને તેના કર્તવ્યપાલનને અર્થે, તેના જ્ઞાનમાં નિત્ય વૃદ્ધિ થવી જ જોઈએ.

કેળવણીની પ્રગતિમાં એક વસ્તુ રોકનારી થઈ પડી છે. શિક્ષક વિના શિક્ષણ લેવાય જ નહીં એ વહેમ સમાજની બુદ્ધિને રૂંધી નાંખે છે. મનુષ્યનો ખરો શિક્ષક તે પોતે જ છે. આજકાલ તો શિક્ષણ પોતાની મેળે મેળવવાનાં સાધનો પણ પુષ્કળ થઈ પડ્યાં છે. અનેક વસ્તુનું જ્ઞાન સહુ ખંતથી મેળવી શકે છે, અને જ્યાં શિક્ષકની જરૂર પડે છે ત્યાં પોતે મેળવી લે છે. અનુભવ મોટામાં મોટી નિશાળ છે. અનેક ધંધા તો શાળામાં ન શિખાય, પણ તે તે ધંધાનાં કૌશલ દુકાન કે કારખાનામાં શિખાય છે. શાળાનું જ્ઞાન ઘણીવાર પોપટિયું હોય છે. ધંધાઓની બહારનું જ્ઞાન પુસ્તકોમાંથી મળે છે. એટલે મોટી ઉંમરે પહોંચેલાને સારું શાળાની જરૂર કરતા ઇચ્છાની, ખંતની અને આત્મવિશ્વાસની જરૂર છે.

પ્રશ્ન - ૪ (અ) કોઈપણ બે છંદનુ બંધારણ ઉદાહરણ સહિત સમજાવો. (૯ ગુણ)

1.મંદાક્રાન્તા. 2.પૃથ્વી 3.શિખરિણી 4.દોહરો.

પ્રશ્ન - ૪ (બ) કોઈપણ બે અલંકાર વ્યાખ્યા આપી ઉદાહરણસહિત સમજાવો. (૯ ગુણ)

1. ઉપમા 2.ઉત્પ્રેક્ષા 3.રૂપક 4. દૃષ્ટાંત.

— ૮ —